બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ [ ] ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

**વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો' નવી આવૃત્તિના આધારે**

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૪ (૫) ૨. ૧, ૪ (૩૯-૪૦) ૩. ૨, ૪ (૧૧૧-૧૧૨)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પ્રમુખસ્વામી મહારાજ બ્રહ્મવિદ્યાની શી વ્યાખ્યા કરે છે ? (૩)

જ. પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'બ્રહ્મવિદ્યા એટલે પ્રગટ બ્રહ્મને ઓળખીને એમને પોતાનું સ્વરૂપ માનવું, એમના ભાવને પામવું.'

૨. જે દિવસથી જન્મ્યા ત્યારથી આજ સુધી કયો વિચાર શ્રીજીમહારાજને જાગ્રત કે સ્વપ્નમાં પણ થયો નથી ? (૩૮)

જ. શ્રીજીમહારાજને 'જે દિવસથી જન્મ્યા ત્યારથી આજ સુધી કોઈ દિવસ જાગ્રત કે સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ પણ થયો નથી.'

૩. કયા વચનામૃતમાં શ્રીજીમહારાજે વચનામૃત ગ્રંથને પ્રમાણભૂતતાની મહોર મારી છે ? (૫૬)

જ. વચનામૃત લોયા ૭માં શ્રીજીમહારાજે વચનામૃત ગ્રંથને પ્રમાણભૂતતાની મહોર મારી છે.

૪. સ્વામીની વાતોના ત્યાગી સંપાદકોનાં નામ લખો. (૭૫)

જ. સ્વામીની વાતોના ત્યાગી સંપાદકોમાં સદ્. બાલમુકુંદદાસ સ્વામી અને જાગા ભક્ત હતા..

૫. શ્રીજીમહારાજે ધૂધૂબાજ માર્ગ ચલાવ્યો છે, પણ કયો સિદ્ધાંત મૂકી દીધો નથી ? (૧૨૨)

જ. શ્રીજીમહારાજે ધૂધૂબાજ માર્ગ ચલાવ્યો છે, પણ પોતાનો સિદ્ધાંત 'નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું 'એ મૂકી દીધો નથી.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

**નોંધ : કૌંસમાં આપેલ મુદ્દો પરીક્ષાર્થીએ ન લખ્યો હોય તો પણ ગુણ આપવો.**

૧. 'विद्यानाम् अध्यात्मविद्या ।' (૯) **જ. બ્રહ્મવિદ્યાની મહત્તા અને આવશ્યકતા (૩)**

૨. 'હાથીને હોદ્દે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે.'(૩૮)

**જ. સમતા - સ્થિતપ્રજ્ઞતા (૩૮)**

૩. 'એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય.' (૬૬)

**જ. સમન્વયાત્મક તત્ત્વજ્ઞાન (૬૬)**

૪. 'ઉપરથી ભગવું પણ જીવ ક્યાં ભગવો છે ?' (૧૦૬)

**જ. સ્વામીના સ્પષ્ટવક્તાપણાનો નિર્દેશ કરતી કેટલીક વાતો (૧૦૫)**

૫. 'આ દેહે કરીને ભગવાનનું ગમતું કરી લેવું.' (૧૪૪) **જ. સાધના વિષયક સૂત્રાત્મક ઉપદેશ (૧૪૪)**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

૧. વચનામૃતના ઉદ્બોધક શ્રીજીમહારાજનું દિવ્ય વ્યક્તિત્વ (અનુક્રમણિકા : ૧૦)

જ. (૧) શ્રીજીમહારાજ : સર્વાવતારના અવતારી સર્વોપરી ભગવાન (૨) શ્રીજીમહારાજ : બ્રહ્મવિદ્યાના યથાર્થ જ્ઞાતા અને અનુભવી

૨. ગુણાતીતાનંદ સ્વામી - બ્રહ્મવિદ્યાના ભોમિયા (અનુક્રમણિકા : ૧૨)

જ. (૧) તપ, ત્યાગ, વૈરાગ્ય અને દેહનો અનાદર (૨) સેવાભાવના (૩) આજ્ઞાપાલનની તત્પરતા (૪) માન-અપમાનમાં એકતા (૫) પંચવર્તમાનની દૃઢતા (૬) આત્મા - પરમાત્માનો અપરોક્ષ અનુભવ (૭) શ્રીજીમહારાજને સમ્યક્પણે ધારી રાખવાની પાત્રતા

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

**૧. વચનામૃત : વિઘ્નોનું સ્પષ્ટ નિરૂપણ (૬૮-૬૯)**

જ. વિશ્વભરનાં બધાં જ ધાર્મિક ગ્રંથો અને વચનામૃતનો તુલનાત્મક તટસ્થ અભ્યાસ કરનાર કોઈ પણ વ્યક્તિને વચનામૃતની આ વિશેષતા પણ જરૂર નજરે તરી આવશે. વચનામૃતમાં તત્ત્વજ્ઞાનની સાથે સાથે 'આ કરવું અને આ ન કરવું', એમ વિધિ-નિષેધનું તો નિરૂપણ કર્યું છે, પણ સાધનામાર્ગનાં અનેક વિઘ્નોની પણ સ્પષ્ટ સમજણ આપી છે. જીવદશાથી માંડીને બ્રહ્મદશા સુધી પહોંચનાર વ્યક્તિને સમગ્ર સાધનાપંથમાં ક્યાં, ક્યારે અને કેવાં વિઘ્નો આવી શકે છે, તેનું શબ્દચિત્ર રજૂ કર્યું છે. એ વિઘ્નોનાં વિવિધ સ્વરૂપોને સમજાવીને તેમાંથી ઊગરવાના ઉપાયો પણ દર્શાવ્યા છે. મહારાજે બાહ્ય કુસંગ, સત્સંગનો કુસંગ, આંતરિક કુસંગ ઓળખાવીને તેનાથી બચતા રહેવા, દૂર રહેવા આગ્રહપૂર્વક જણાવ્યું છે. ખાસ કરીને ભગવાન અને સત્પુરુષમાં મનુષ્યભાવ અને ભગવાનના ભક્તોનો અભાવ, અવગુણ કે દ્રોહ સાધનામાર્ગનાં મોટામાં મોટાં વિઘ્નો છે. આ મનુષ્યભાવ કે અભાવ કોને, કેવી રીતે અને શા માટે આવે છે, તે તથા તે ન આવે તે માટેના, અને આવ્યો હોય તો તેને ટાળવાના જુદા જુદા મુમુક્ષુઓની સ્થિતિ અનુસાર જુદા જુદા ઉપાયો મહારાજે બતાવ્યા છે. એવી જ રીતે કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, અહંકાર, આશા, તૃષ્ણા, દેહભાવ, વાસના, આસક્તિ, બરોબરિયાપણું, ભક્તો સાથે રીસ-આંટી કે વૈરભાવ, રાગ-દ્વેષ વગેરે અનેક સ્વભાવો, દોષો, વિકારોનાં સ્વરૂપોનું તથા તેમનાથી ભક્તોને સાધનામાર્ગમાં થતા નુક્સાનનું સ્પષ્ટ શબ્દોમાં આલેખન કર્યું છે. આ સ્વભાવો ક્યાં, ક્યારે, કોને, કેવી રીતે નડી શકે છે અને સાધનામાર્ગથી ભ્રષ્ટ કરી શકે છે, તેનું પણ નિરૂપણ કરીને તેમાંથી મુક્ત થવા માટે મુમુક્ષુઓની વિભિન્ન પાત્રતા અનુસાર જુદા જુદા ઉપાયો પણ બતાવ્યા છે. વળી, સંતો-ભક્તોએ પણ આ માર્ગે ચાલતાં ક્યાં, કેવાં વિઘ્નો આવે છે તે જણાવીને એમાંથી મુક્ત થવાના ઉપાયો પૂછ્યા છે અને મહારાજે પણ જેમને, જે વખતે, જેની જરૂર હોય તેવા ઉપાયો સૂચવ્યા છે. આમ, મહારાજે વચનામૃતમાં કોઈ પણ મુમુક્ષુને માટે ઉપયોગી એવા નિર્વિઘ્ન સાધનામાર્ગનું અદ્ભૂત માર્ગદર્શન આપ્યું છે. **અથવા**

**૨. વચનામૃત : મૌલિક વ્યાખ્યાઓ (૬૨-૬૩)**

જ. મહારાજે પોતાના ઉપદેશમાં માયા, મોહ, પ્રીતિ, ત્યાગ, મોટપ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, એકાંતિક ભક્ત, ખરો ભક્ત, પૂરો ભક્ત, પાકો ભક્ત, યથાર્થ ભક્ત, દૃઢ ભક્ત, સાધુ, સંત, સંપૂર્ણ સત્સંગ, નિશ્ચય, અડગ નિશ્ચય, પરિપક્વ નિશ્ચય, દૃઢ નિશ્ચય, માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય, આશ્રય, ઉપાસના, મનુષ્યભાવ, દિવ્યભાવ, ઈર્ષ્યા, દોષ, દ્રોહ વગેરે અનેકાનેક શબ્દોની ખૂબ જ ટૂંકમાં છતાં સચોટ અને મૌલિક વ્યાખ્યાઓ આપી છે. નમૂનારૂપે કેટલાક શબ્દોની વ્યાખ્યા વાંચીએ : પ્રીતિ : જેને ભગવાનને વિશે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ, જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે. (વચ.કા. ૧૧) માયા : દેહને વિશે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ એ જ માયા છે. (વચ.અં.૩૯) મોહ : પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે. (વચ.મ. ૫૩) ત્યાગી : ત્યાગી તો તે ખરો જે, જેણે સંસાર મૂક્યો ને પાછી સંસારની વાસના રહે જ નહિ. (વચ.પ્ર. ૧૪) મોટપ : માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો જાણવો. (વચ.મ. ૪૧) સમગ્ર શાસ્ત્રોનો વિશાળ દરિયો ખૂંદી વળીએ, છતાં પણ ન મળી શકે એવી આ મહારાજની મૌલિક વ્યાખ્યાઓ તો આધ્યાત્મિક મૌક્તિકો અને રત્નો છે. તેના દ્વારા સાધક પોતાના જીવનને આંતરવૈભવથી સમૃદ્ધ બનાવી શકે છે. કોઈ પણ

સાધક આવી સર્વોપયોગી વ્યાખ્યાઓ અને સમજણને પોતાની નજર સમક્ષ રાખીને, તદ્નુસાર પોતાના જીવનમાં નિરીક્ષણ અને પરીક્ષણ દ્વારા પોતાની સાધનામાં આવશ્યક સુધારા કરીને, પોતે ઉચ્ચતમ ધ્યેયને હાંસલ કરી શકે છે.

**૩. સ્વામીની વાતો : ગ્રંથનું સ્વરૂપ (૭૩-૭૪)**

જ. વચનામૃતની જેમ જ આ 'સ્વામીની વાતો'નો ગ્રંથ પણ ઉપદેશોનો સંપાદિત ગ્રંથ છે. ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ વગેરે અનેક શહેરો, ગામડાંઓ કે મુસાફરી દરમ્યાન રસ્તામાં કરેલ વાતોનું લેખન એમના સંતો-ભક્તોએ કરેલું, તેમાંથી અમુક વાતોનું સંપાદન આ ગ્રંથમાં કરેલું છે. જોકે ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના સાધુજીવન(સં. ૧૮૬૬ થી સં. ૧૯૨૩ અર્થાત્ ઈ.સ. ૧૮૧૦થી ઈ.સ.૧૮૬૭)ના ૫૭ વર્ષમાં વાતોનો તો અનરાધાર વરસાદ વરસાવ્યો છે. તેમણે જ એક વખત કહેલું કે અમે જે બોલ્યા છીએ તે લખનાર હોય તો, આ પૃથ્વી ને આકાશ બધો ભરાઈ જાય, એટલા શબ્દો બોલ્યા છીએ. એમનું કહેવાનું તાત્પર્ય એ છે કે એમણે તો એટલી બધી વાતો કરી છે કે તેનું કોઈ માપ કાઢી શકે તેમ નથી. શ્રીજીમહારાજની આજ્ઞા પછી પોતે વાતો કરવાનો સોપો પડવા દીધો નથી, એવું એમણે પોતે જ કહ્યું છે, ''એક દિવસ મહારાજને ચાર પ્રશ્ન પુછાવ્યા, તેમાં, 'એક તો ધ્યાન કરવું, બીજું, આત્માપણે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી, ને ચોથું ભગવાનની વાતું કરવી. એ ચારેમાં અધિક કોણ છે ? તે કહો.' પછી મહારાજે કહ્યું જે 'વાતું જ અધિક છે.' તે દિવસથી મેં વાતું કરવા માંડી છે, તે રાત-દહાડો સોપો જ પડતો નથી, જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.'' (સ્વા.વા. ૩/૫૬) સ્વામીએ શ્રીજીમહારાજની આ આજ્ઞા અધ્ધર ઝીલી હતી. તેમણે પછી વાતો કરવામાં પાછું વાળીને જોયું નથી. વાતો કરવામાં એમણે નથી જોયું સ્થાન કે નથી જોયો સમય, નથી જોયા સંજોગો કે નથી ગણકારી દેહની અવસ્થા. એમણે વાતો કરવામાં કોઈની મહોબ્બત પણ રાખી નથી. સત્તાધીશોના દબાણને પણ વશ થયા નથી. પાત્ર-કુપાત્ર જોયા વગર બસ એમણે તો ઉપદેશામૃત વહાવ્યા જ કર્યું છે. અનેક જીવોની આત્યંતિક મુક્તિના દ્વાર ખોલવા માટે એમણે ભગવદ્વાર્તાનો અખાડો માંડીને અનેક જીવોના મોહપાશ કાપ્યા હતા. બારે મેઘ ખાંગા કરી અષાઢી ધારાઓ વરસે, એમ સ્વામીના મુખકમળમાંથી ભગવદ્-વાર્તાનો પ્રવાહ અવિરત વહેતો. બ્રહ્માંડો ભરાય એટલી બધી જ વાતો તો કોઈએ એ વખતે લખી ન હોય તે સ્વાભાવિક છે, પરંતુ જેટલી લખાઈ છે તેમાંથી કેટલીક વાતોનાં સાત પ્રકરણો થયાં, જેમાં કુલ ૧૪૯૪ વાતો લખાઈ છે. આ ઉપરાંત પણ બીજાં આઠ પ્રકરણની કુલ ૨૧૪૨ વાતો લખાઈ છે. આ વાતોને જુદા જુદા વિષયો પ્રમાણે પ્રકરણો પાડીને વિભાજિત કરેલી છે. આ વાતોમાંથી કેટલીક વાતો એક લીટીની પણ છે તો કેટલીક બે, ત્રણ કે ચાર લીટીમાં આવી શકે એવી છે. કેટલીક વાતોનો એક નાનો ફકરો છે, તો કેટલીક વાતો મોટા ફકરા રૂપે છે, તો કેટલીક વાતો આખું પાનું ભરાય એવડી મોટી પણ છે. જોકે આ વાતોની પ્રથમ આવૃત્તિમાં દરેક વાતને નંબર અપાયા ન હતા, તેમજ ફકરા પણ પાડેલા ન હતા, પરંતુ પછીથી દરેક વાતનો અલગ ફકરો પાડીને દરેકને સ્વતંત્ર નંબર આપવામાં આવેલો છે. **અથવા**

**૪. ગુણાતીતાનંદ સ્વામી : બાળપણથી જ સહજ ત્યાગ (૮૬)**

જ. (૧) પૂર્વાશ્રમમાં તેઓ એક વખત નાના ભાઈ સુંદરજીને પારણામાં ઝુલાવતાં ઝુલાવતાં કંઈક વાતો કરતા હતા. માતા સાકરબાએ એ વિશે પૂછ્યું, તો કહે, 'મા મા, હું તો સાધુ થવાનો છું અને આ સુંદરજીને પણ સાધુ બનાવીશ.' (૨) તેમણે સંસારનો ત્યાગ પણ કેટલી સહજતાથી કર્યો હતો ! એક વખત તેઓ (મૂળજી ભક્ત) ખેતરમાં પાણી વાળતા હતા. એ વખતે મહારાજે દર્શન દઈને કહ્યું, 'આપણે શું કરવા આવ્યા છીએ અને શું થાય છે ? જગતમાં બ્રહ્મતેજ તો સાવ સુકાઈ ગયું છે. હવે ચાલી નીકળો. મુદત પૂરી થઈ છે.' તેમણે મહારાજની આ આજ્ઞા સાંભળીને તુરત જ પાવડો ફેંકી દીધો અને ત્યાંથી જ ઘેર ન જતાં સીધા ગઢપુરની વાટ પકડી. કેવો સહજ ત્યાગ !! (૩) એમનો આ ત્યાગ ફક્ત ઉપલક દૃષ્ટિનો ન હતો, પરંતુ વૈરાગ્યની દૃઢતાપૂર્વકનો હતો. ઘરે ઉપાધિ થવાથી મહારાજે તેમને પાછા મોકલ્યા. ઘરે સૌનાં મન શાંત કરીને પાછા આવ્યા અને દીક્ષા માટે મહારાજને વિનંતી કરી. ત્યારે મહારાજ કહે, ''કુટુંબને બાળીને આવો પછી દીક્ષા આપીએ.'' તેઓ તો તુરત જ ઊપડ્યા. મુક્તાનંદ સ્વામીના કહેવાથી મહારાજે પાછા બોલાવડાવ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી એમને કહે, ''મહારાજે તમને કુટુંબને બાળી નાંખવાનું કહ્યું હતું, તે તો અંતરમાંથી બાળવાનું કહ્યું હતું, પણ ઘરે જઈને સળગાવી દેવાનું નહોતું કહ્યું.'' તે સાંભળી હસતાં હસતાં મૂળજી ભક્ત કહે, ''અંતરમાં તો મહારાજ સિવાય બીજું છે જ ક્યાં કે બાળવું પડે ?'' ખરેખર, એમનો બૃહદ ત્યાગ રાગરહિત હતો, બૃહદ વૈરાગ્યના રંગથી રંગાયેલો હતો.

પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.
(પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

**૧. શ્રીજીમહારાજના ઉપદેશનું પ્રયોજન : જીવોના કલ્યાણાર્થે શુદ્ધપણે વર્તાવવાનો આગ્રહ (૪૩-૪૫)**

જ. શ્રીજીમહારાજને પોતાના આશ્રિતોના કલ્યાણની ચિંતા હતી. તેથી જ તો તેમણે પોતાના આશ્રિતોને શુદ્ધપણે વર્તાવવાનો આગ્રહ રાખ્યો છે. તેમણે વચનામૃતોમાં વારંવાર ઈન્દ્રિયો-અંતઃકરણને નિયમમાં રાખવાનો, પંચવર્તમાન દૃઢપણે પાળવાનો ઉપદેશ આપ્યો છે. કેટલાક સંદર્ભો વાંચીએ : **પ્ર. ૮ :** ''જો ઈન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે, માટે શાસ્ત્રમાં જે રીતે વિષયને ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લઘંન કરીને ભોગવવા નહિ.'' **પ્ર. ૧૮ :** ''પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહિ કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? તે સારું એ પંચ ઈન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાશે. અને પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે.... આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું, કાં જે, તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વે ભેળા રહીશું. અને જો એમ નહિ રહો તો તમારે અને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થાશો. અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો... અમારો વાદ લઈને જાણે જે ઉપાધિમાં રહીને શુદ્ધપણે રહીશું તે તો નારદ-સનકાદિક જેવો હોય તેથી પણ રહેવાય નહિ તો બીજાની શી વાર્તા કહેવી ? અને અનંત મુક્ત થઈ ગયા ને અનંત થશે તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થશે પણ નહિ અને હમણાં પણ કોઈએ નથી અને કોટિ કલ્પ સુધી સાધન કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી, માટે અમે કહ્યું છે તે પ્રમાણે રહેશો તો રૂડું થશે.'' **મ. ૩૫ :** ''જો તમે સર્વે આ અમે વાર્તા કરી એવી રીતે વર્તવાનો નિશ્ચય કર્યો હોય, તો એક એક આવીને મારે પગે અડીને સમ ખાઓ ને એવી પ્રતિજ્ઞા કરો જે, ''અમારે દૃઢપણે એમ જ વર્તવું છે.'' **જે. ૩ :** ''હે સંતો ! નિર્માન આદિક વર્તમાનમાં કોઈ દિવસ ચૂક પડવા દેશો નહિ. અતિ કુશળ રહેવું.'' **જે. ૫ :** ''અમે આ સંત સહિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, તે માટે તમે જો અમારું વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું અને તમે પણ એમ જાણજો જે અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે. તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરશું અને કોઈ ઊગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું. જો અમારા સત્સંગના ધર્મ બહુ રીત કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો. અને નહિ રાખો તો મહાદુઃખ પામશો. તેમાં અમારે લેણાંદેણાં નથી.'' ઉપરોક્ત વચનોમાં પોતાના આશ્રિતો નિયમભ્રષ્ટ થઈને પોતાનું કલ્યાણ ન બગાડે એ માટે મહારાજે કરેલ ચિંતા અને ખેવનાનાં દર્શન થાય છે. ક્યારેક કોઈક સંત-હરિભક્ત ભગવાનનાં મહિમા, જ્ઞાન અને આશ્રયના ઓથે નિયમ-ધર્મ લોપે, પાપ કરે તો તેને મહારાજ આકરા વેણ કહીને પણ જાગ્રત કરે છે. જેમ કે, **પ્ર. ૭૭ :** ''જ્ઞાનને ઓથે ધર્મને ખોટા કરે તે અસુરા જાણવો..... પંચવર્તમાન રૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે અને એવી ધર્મભંગ જે વાત કરે તેને વિમુખ કહેવો.'' **મ. ૩૫ :** ''ભગવાનની મૂર્તિનો આશ્રય હોય... ને જો તેમાં ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઈચ્છે તેવો જાણવો ને તેને ચંડાળ જેવો જાણવો.'' **અં. ૩૨ :** ''માહાત્મ્યનો ઓથ લઈને મૂળગો પાપ કરવા થકી ડરે નહિ એવો જે હોય તે તો દુષ્ટ છે, પાપી છે.'' આમ, મહારાજે જીવોના કલ્યાણાર્થે જ એમને શુદ્ધપણે વર્તાવવાનો આગ્રહ વારંવાર રાખ્યો છે.

**૨. સ્વામીની વાતોમાં બળપ્રેરક ઉપદેશ (૧૪૪-૧૪૭)**

જ. અધ્યાત્મ-સાધનાનો માર્ગ ઈન્દ્રિયો-અંતઃકરણ તેમજ અંતઃશત્રુઓ સામે લડવાનો માર્ગ છે. ધસમસતા પાણીનાં પૂર સામે તરવા જેવી આ કઠણ સાધના છે. ક્યારેક અનેક પ્રકારનાં સાધનો કરવા છતાં જ્યારે ઈન્દ્રિયો-

અંતઃકરણ સંયમમાં ન આવે, અંતઃશત્રુઓ અંકુશમાં ન આવે, કે વિષયવાસના નિર્મૂળ ન થાય ત્યારે સાધક હિંમત હારી જતો હોય છે. સાધકના જીવનમાં આવી પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે સ્વામીએ ખૂબ બળભરી વાતો કરી છે. સાધકોના જીવનમાં સાધના માટે હિંમત અને શ્રદ્ધાની જ્યોત જલતી રહે તે માટે સ્વામીએ પ્રેરણાત્મક ઉપદેશ આપ્યો છે. નમૂના રૂપે કેટલીક વાતો અહીં જોઈએ : ''ભગવાનનો આશરો થયો છે તે જેવી તો કોઈ વાત જ નથી, તેને તો સર્વે વાત થઈ રહી છે. કાંઈ કરવું બાકી રહ્યું નથી. ને ભગવાન તો અધમોદ્ધારણ છે, પતિતપાવન છે ને શરણાગતવત્સલ છે, ને 'જાકો જગ મેં કોઈ નહિ, તાકુ તુમ હો મહારાજ', જેનું કોઈ નહિ તેના ભગવાન છે. ને ભગવાન તો ગરીબના નિવાજ કહાવે છે. ને 'પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ, ગણિકા કપિવૃંદ કોટિ; વ્રજ તણી નાર વ્યભિચારભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી.' માટે પ્રગટના જેવી તો કોઈ વાત નથી, ને પ્રગટ સૂર્ય વતે અજવાળું થાય છે. માટે પ્રગટનો આશરો થયો તે બળ રાખવું.'' **(સ્વા.વા. ૧/૧૩૯)** ''ભગવાનને પ્રતાપે કામ, લોભ, સ્વાદ, સ્નેહ ને માન તે સર્વે સમુદ્ર જેવાં છે, પણ ગાયનાં પગલાં જેવાં થઈ જાશે, માટે આવો મહિમા છે. તે સારુ કોઈ દિવસ જીવમાં દુર્બળપણું આવવા દેવું નહિ.'' **(સ્વા.વા. ૧/૩૦૫)** ''એક દિવસ સાધુએ ઘણી ભક્તિ કરી તે જોઈને મહારાજ રાજી થયા ને પછી વાત કરી જે, કામ, ક્રોધ આદિક જે અંતરશત્રુ છે તે જીવથી જિતાય તેવા નથી, પણ અમે ને મોટા સાધુ તમારા પક્ષમાં છીએ તે અમે મદદ કરશું એટલે જિતાશે; માટે તમે હિમ્મત રાખીને મંડ્યા રહેજો.' તે ઉપર ટિટોડીએ ગરુડની સહાયથી સમુદ્ર પૂરી દીધાની મહારાજની કહેલી વાત કહી.'' **(સ્વા.વા. ૪/૧૮)** ''આ તો બળિયા છે તે ગમે એવી વાસના હશે તોપણ અંતકાળે હીરજીની પેઠે નસ્તર મારીને દેહની ખબર રહેવા દેશે નહિ, ને વાસના ટાળી નાખે એવા છે.'' **(સ્વા.વા. ૧/૫૧)** ''ભગવાનની નિષ્ઠા છે ને વાસના છે તોપણ તેની શી ફિકર છે ? ને તેનો શો ભાર છે ?' ઇત્યાદિ બહુ બળની વાત કરી.'' **(સ્વા.વા. ૧/૧૩૮)** ''દેહ હોય તે દોષ તો હોય, પણ અનુવૃત્તિમાં રહે છે તેથી દોષનો શો ભાર છે ? મર રહ્યા. ને કરવાનું તો થઈ રહ્યું છે પણ આ તો વિઘ્ન ટાળીએ છીએ. અને દોષ તો ઝાડી જેવા છે, તે ઝાડી હોય તે તરત ટળી જાય નહિ. વાતું સાંભળતાં મહિમા જણાશે તેમ ટળશે.'' **(સ્વા.વા. ૪/૨૯)** ''આપણા દોષ તો મહારાજે ટાળી નાખ્યા છે, ને તે દોષનું દર્શન થાય છે તે તો આપણા રૂડાને અર્થે થાય છે. નીકર જીવ તો ઉન્મત્ત થઈ જાય એવો છે. અને હવે તો આપણે ભગવાન વશ કરવા છે ને તે ભગવાનના જેવું સામર્થ્ય પામવું છે તે સારુ મંડ્યા છીએ.'' **(સ્વા.વા. ૧/ ૫૮)** ''રજ, તમ ને સત્ત્વ એ દેહના ભાવ છે. તે તો હોય. ભૂખ લાગે, તરસ લાગે, દુઃખ-સુખ થાય એ દેહના ભાવ છે. ને મન તો નીલ વાંદરા જેવું છે, તે લબલબાટ કર્યા કરે, ને આપણે તો એથી પર ક્ષેત્રજ્ઞ છીએ. માટે એ દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણના ભાવ આપણે વિશે માનવા નહિ. આપણે તો એથી જુદા છીએ. માટે એનાથી હારવું નહિ, યુદ્ધ કર્યા કરવું.'' **(સ્વા.વા. ૫/૧૩૧)** ''આપણને તો ભગવાન મળ્યા છે તે પોતાને અક્ષર માનવું એમ બોલ્યા. તે વાત ઉપર પ્રશ્ન પૂછ્યો જે, 'વિષય પરાભવ પમાડતા હોય ને અક્ષર કેમ માનવું ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'વિષય તો દેહના ભાવ છે તે એક પડખે રહ્યા છે, તોપણ અક્ષર માનવું, પણ આત્માને નરકનો કીડો માનવો નહિ ને આપણે તો જેમ વામનજી ભેળી લાકડી વધી તેમ વધતા જઈએ છીએ.'' **(સ્વા.વા. ૧/૨૮૩)** ''ભગવાનની સ્તુતિ કરવી, પણ પોતાને પતિત ને અધમ માનવું નહિ. કેમ જે, એમ માને તો જીવમાં બળ રહે નહિ ને જીવ ગ્લાનિ પામી જાય, ને આપણે તો ભગવાન મળ્યા છે, માટે પતિત શા સારુ માનીએ ? આપણે તો કૃતાર્થ માનવું.'' **(સ્વા.વા. ૧/૧૦૩)** ''કોઈક વખત આંખ છેતરે, ને કાન, જીભ, ત્વચા આદિક છેતરે, પણ પાછા ખબરદાર થાવું, પણ હારી જવું નહિ.'' **(સ્વા.વા. ૨/૬૯)** ''કામક્રોધાદિક દોષ છે તે તો જેમ ખીલ કે દાદર હોય એવા છે, તે તો દેહનો ભાવ છે, ટળી જાશે, ને મોટા દૃષ્ટિ કરે તો આ ઘડીએ ટળી જાય.'' **(સ્વા.વા. ૧/૧૬૪)** ''આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ? ત્યારે કહ્યું જે, ના મહારાજ. ત્યારે સ્વામી બોલ્યા જે, 'મનમાં ધાર્યું નથી, નહિ તો ઉડાડી મૂકીએ. કેમ જે, પૃથ્વીના મનુષ્યને ભેગા કરીએ ને લુહારમાત્ર માંડે લોઢાં ઘડવા ને આપણે માંડીએ સુરંગુ દઈને ઉડાડવા, તો ચાર-પાંચ વરસમાં ચૂરેચૂરા કરીને ઉડાડી મૂકીએ, તેમ કામ-ક્રોધાદિક ગમે તેવા બળિયા હોય, પણ જો મનમાં ધારીએ તો ઉડાડી મૂકીએ એમાં કાંઈ સંશય નથી.'' **(સ્વા.વા. ૩/૪૦)** ''ભગવાન મળ્યા, સાધુ મળ્યા, તે હવે હૈયામાં દુઃખ આવવા દેવું નહિ ને પ્રારબ્ધનું આવે તો ભોગવી લેવું.'' **(સ્વા.વા. ૧/૧૭૬)** આ રીતે સાધકના જીવનમાં સાધના દરમ્યાન ડગલે ને પગલે હંમેશાં બળ, હિંમત અને શ્રદ્ધા રહ્યા કરે એવી અનેક બળભરી વાતો સ્વામીની વાતોમાંથી પ્રાપ્ત થાય છે. આવી વાતોનું વાંચન અને ચિંતન કરે તો સાધક સાધનામાં નાસીપાસ ન થાય અને એના જીવનમાં સાધના માટેનો નિત્ય નવો ઉત્સાહ જળવાઈ રહે.

**વિભાગ : ૨ 'શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ નવી આવૃત્તિના આધારે**

**નોંધ :- (૧) પ્રશ્નઃ ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે**

**૧. શાસ્ત્રીજી મહારાજ માટે વેરાયેલા પ્રશંસાનાં પુષ્પો ('ભાગવતી દીક્ષાનો અપૂર્વ મહોત્સવ' થી 'અમદાવાદમાં અપૂર્વ બ્રહ્મયજ્ઞ' સુધીના જ પ્રસંગો)**

૧. આ સાધુ મહાન ઈશ્વરાવતાર હોય એમ જણાય છે. આ સાધુ મહા સમર્થ અને યોગીન્દ્ર પુરુષ થશે. - વિદ્વાન જ્યોતિષી. ૫૪-૫૫
૨. એ તો મારો કોડીલો લાલ છે. તે તો બેસશે. - ભગતજી મહારાજ. ૭૫
૩. ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ એને હું આપીશ. - ભગતજી મહારાજ. ૭૬
૪. આ સાધુ પર કોઈ મોટા પુરુષની દૃષ્ટિ પડી ગઈ છે - આ યજ્ઞપુરુષદાસજીની વાતોથી આનંદ થયો. વડોદરાના પુરાણી તેમના ભેગા રહેવા તૈયાર થઈ ગયા. ૮૭-૮૮
૫. ઓત્તારો, ભલો થાય યજ્ઞપુરુષદાસ ! ઓત્તારો ભલો થાય ! ૯૯
૬. એ તો કાપિયું વ્યાજ કાઢનારા છે. ૧૦૧-૧૦૨
૭. હાથીની અંબાડીએ બેસે તેને રખડવું પડે છે - તલગાજરડાના પટેલ. ૧૨૬
૮. આ સાધુ નેત્ર મીંચી ભગવાન આગળ કેવા મુજરા કરે છે. માટે આવા સાધુ થવું - ભગતજી મહારાજ દ્વારા યજ્ઞપુરુષદાસજીની પ્રશંસા. ૧૨૭
૯. આ સાધુનું મોટા મોટા નંદ સાધુ જેવું વૃત્તાંત છે. - વડોદરા મંદિરની તમામ સેવા કરતા. - વડોદરા મંદિરના લીલાધરભાઈ. ૧૩૬
૧૦. વાહ, યજ્ઞપુરુષદાસ ! તેં તો અંતર ઠારી દીધું - પુરાણી મોરલીધરદાસ. ૧૪૫
૧૧. તે તો ઠાકરિયો વીંછી છે. ૧૪૭
૧૨. गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः - રંગાચાર્ય. ૧૫૨
૧૩. अस्मिन् संप्रदाये एकमेव । રંગાચાર્ય. ૧૫૭
૧૪. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને મારા વતી પાંચ દંડવત્ કરી જય સ્વામિનારાયણ કહેશો : શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી. ૧૫૮

**૨. શાસ્ત્રીજી મહારાજે ઉપાસના પ્રવર્તન માટે સહેલાં કષ્ટો (વરતાલ નિવાસ દરમ્યાન)**

૧. ઉપાધિની શરૂઆત પ્રથમ વનવાસ : વરતાલ મંદિરમાં પગમાં સૂયો ઘોંચ્યો અને સુકૃતજીવનદાસે લાતો મારી. ૧૦૫
૨. રાજકોટમાં વિરોધનો જુવાળ. ૧૭૦
૩. જૂનાગઢમાં સત્સંગિજીવનની કથાની પૂર્ણાહુતિમાં સિંહ ગર્જના. ૧૮૧
૪. વડોદરામાં માયાનો ઉપાડ અને બંગલો બાળવાનો પ્રયત્ન. ૨૨૬,૨૨૭
૫. ગઢડાવાળાનો રૂા. ૬૦,૦૦૦ નો આક્ષેપ. ૨૨૭
૬. ભેખધારી કોશ અને કોદાળો લઈ તમારું મૂળ ઉખેડવા કટીબધ્ધ થયા છે. ૨૩૮
૭. વઢવાણ વિરુદ્ધ મૂળીમાં સભા. ૨૩૯
૮. સારંગપુર મંદિરની મહંતાઈ છોડાવી. ૨૪૧
૯. વઢવાણમાં મૂર્તિપ્રતિષ્ઠા : પ્રથમ દિગ્વિજય, કોઠારીનો વિરોધ. ૨૪૨
૧૦. સ્વામીશ્રીની સભામાં પાણી ભરેલું માટલું, મરચાંની ધૂણી. ૨૭૨
૧૧. ખીચડીમાં ઝેર - ધગધગતા ચૂલામાં નાખવાનો પ્રયત્ન. ૨૭૫-૨૭૬

૩. **શાસ્ત્રીજી મહારાજના વિરોધીઓના હાથ હેઠા પડ્યા. ('દીક્ષા' થી 'વઢવાણમાં મૂર્તિપ્રતિષ્ઠા : પ્રથમ દિગ્વિજય' સુધીના જ પ્રસંગો)**

૧. ભગતજીનો લોટો ટાંકામાં બોળ્યો ને ટાંકું અભડાવ્યાની વાત કરી. વિરોધીઓએ વિક્ષેપ નાખવાનો પ્રયત્ન કર્યો ત્યારે નીડરતાપૂર્વક સાચી હકીકત રજૂ કરી વિક્ષેપ ટાળી નાખ્યો ૬૦

૨. ડભોઈના પુરાણી મોરલીધરદાસ ભગતજીના વિરોધી પણ સ્વામીશ્રીની વાતો સાંભળી બોલી ઊઠ્યા 'વાહ યજ્ઞપુરુષદાસ તેં તો અંતર ઠારી દીધું.' ૧૪૫

૩. જાગા ભક્ત ઉપર પ્રતિબંધ નાખનાર જીભાઈ કોઠારીએ સ્વામીશ્રીની વાતો સાંભળી પ્રતિબંધ ઊઠાવી લીધો. - સાધુ ઘનશ્યામદાસે ઉપાડેલી ઉપાધિ સમાવી દીધી ૧૭૭

૪. જૂનાગઢ સત્સંગિજીવનની કથા પ્રસંગે 'કોનું પૂજન પહેલું'? તે પ્રશ્ન વિરોધ કરનાર ઘનશ્યામદાસ સ્વામીશ્રીની સિંહ ગર્જનાથી દબાઇ ગયો. ૧૮૧

૫. શાંકરમતના સંસ્કારોવાળા જીવણરામ શાસ્ત્રીને 'વિશિષ્ટાદ્વૈત મત'માં અભિરૂચી થઇ - રામાનુજ ભાષ્યને પ્રમાણ માનવા લાગ્યા. ૧૮૨

૬. ભગતજી મહારાજનું જે સ્થળેથી (જૂનાગઢમાં) અપમાન થયું હતું તે જ સ્થળે ધામધૂમથી પધરાવ્યા. ૧૮૩-૧૮૫

૭. દ્વારકાના અભિમાની વહીવટદાર રંગીલદાસની ઉપર પોતાની ભક્તિના પ્રભાવથી મંદિર કરવા જમીન મેળવી. ૨૦૭-૨૦૮

૮. વઢવાણ વિરુધ મૂળીની સભા કોઇ પરિણામ વગર વિખરાઇ ગઈ. ૨૩૯-૨૪૧

૯. કોઠારીના સંકલ્પથી વિરુધ્ધ સંકલ્પ તેમની હયાતીમાં જ 'અક્ષરપુરુષોત્તમ દેવ' બેસાડ્યા. ૨૪૫-૨૪૬

૧૦. 'મને ખાત્રી જ હતી કે તું આમાં પ્રથમથી જ પડ્યો છું પણ હવે જે થયું તેની વિગતવાર વાત કર. - કોઠારી ગોરધનદાસ. ૨૪૭

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ડુંગર ભક્તનો સાધુ થવાનો ઈશક**

૧. મારે તો સાધુ થવું છે અને વિદ્વાન થઈને ઘણાને બ્રહ્મવિદ્યા ભણાવી છે. ૨૪

૨. ત્યાગી થવાનો સંકલ્પ - જગત તરફ ઉદાસીનતા મહારાજની મૂર્તિમાં લીન ૨૯-૩૦

૩. સ્વામી વિજ્ઞાનાનંદજીના યોગમાં - ૧૯૩૭ના સમૈયા પર વડતાલમાં - વિજ્ઞાનાનંદ સ્વામીને મનોમન ગુરુ. ૩૧-૩૨

૪. સભા મંડપને ત્રીજે માળે સંતાઈ જવું - પિતાજી સાથે ઘેર ન જવા માટે રકઝક - સ્વામીની આજ્ઞાથી ઘરે. ૩૪

૫. મનોમન ખૂબ મંથન - ખૂબ વ્યગ્રતા - તક મળતા જ વરતાલના પંથે. ૩૬-૩૭

૬. સુરત પ્રતિ પ્રયાણ- પોતે બીજા ભક્તની ટિકીટના પણ પૈસા આપીને સૂરત તરફ રવાના- અધ્યયન શરૂ. ૩૭-૩૯

૭. ધોરીભાઈ દ્વારા સુરતમાં ડુંગરભક્તની શોધ - ફરી પાછા વરતાલ - આચાર્ય મહારાજની સાધુ ન થવાની આજ્ઞા - કોઠારી અંબાઈદાસ દ્વારા ધરપત - ડુંગર ભક્તના મનમાં શાંતિ. ૪૦-૪૩

૮. મહેળાવ પાછા ફરતાં પિતાને ઉપદેશ - પિતાના અંતઃકરણનું પરિવર્તન - ગદ્‌ગદ્ થઈ રજા ૪૩-૪૫

૯. દિવ્ય મહાભિનિષ્ક્રમણ ૪૫-૪૯

**૨. બોચાસણ મંદિર નિર્માણનું કાર્ય ('બોચાસણમાં દિવ્ય આગાહી' થી 'અરણ્ય કાંડ સમાપ્ત' સુધીના જ પ્રસંગો)**

૧. નીલકંઠવર્ણી રૂપે બોચાસણમાં કાશીદાસ મોટાને મોટું મંદિર કરવાનો દીધેલો કોલ. ૨૫૦

૨. 'બોચાસણમાં મોટું શિખરબદ્ધ મંદિર થશે.' શાસ્ત્રીજી મહારાજની ભવિષ્યવાણી. ૨૫૧-૨૫૨

૩. બોચાસણમાં જાણે- અજાણે તમામને દર્શન થાય તેવી જમીન લેવી છે. ૨૯૫

૪. બોચાસણમાં પ્રવૃત્તિ - ઈન્દ્રને ના પાડીશું. - બોચાસણ મંદિરનું ખાતમુહૂર્ત. ૩૦૫-૩૦૬

૫. બોચાસણ મંદિરના કાર્યમાં વિઘ્ન નાખવાના વિશેષ પ્રયત્નો. - સ્વામીશ્રી સિંહને નાથે છે. ૩૦૭-૩૦૮

૬. નિરંજનદાસનો અક્ષરવાસ. - હથિયારબંધ ઊંટ સવાર પાળા બોચાસણમાં. ૩૧૩-૩૧૫

૭. બોચાસણ મંદિરના પાયા ખોદવાની શરૂઆત. - આખા બ્રહ્માંડની લક્ષ્મી અહીં આવશે. ૩૧૮-૩૨૦

૮. શૂરવીર હોય તો ચાલ્યા આવજો. ૩૨૨-૩૨૩

**નોંધ : આ પધ્ધતિ પ્રમાણે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં આગળ આપેલા પ્રસંગો જ માન્ય ગણાય પણ આ પધ્ધતિ પ્રમાણે પ્રથમ વખત જ પ્રશ્ન પૂછાતો હોવાથી પરીક્ષાર્થીએ નીચે આપેલા પ્રસંગોમાંથી પણ કોઈ પ્રસંગો લખ્યા હોય તો તેને માન્ય રાખી પૂરા ગુણ આપવા.**

| | | |
|---|---|---|
| ૧. | બોચાસણમાં મૂર્તિ પ્રતિષ્ઠા. - હે સ્વામી ! આપ દયા કરી બિરાજો. | ૩૨૪-૩૨૫ |
| ૨. | બાવો વગર કિંમતે વાડી આપશે. | ૩૨૭ |
| ૩. | બોચાસણમાં શ્રી સત્સંગિજીવનનું પ્રથમ પારાયણ. - ક્યાં સુધી રહેશો તમે છાના ? | ૩૨૯-૩૩૦ |
| ૪. | શેષનાગને માથે ખીલી. - ચરોતરના ચોકમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ. | ૩૩૩ |

**૩. શાસ્ત્રીજી મહારાજે બતાવેલ ઐશ્વર્ય પ્રતાપ ('ગઢપુરમાં શતવાર્ષિક પાટોત્સવ' થી 'અક્ષરદેરીની આરાધના' સુધીના જ પ્રસંગો.)**

| | | |
|---|---|---|
| ૧. | ગઢપુર શતવાર્ષિક મહોત્સવ - ઉન્મત્ત ગંગા તીર્થોનું તીર્થ | ૫૭૦-૫૭૩ |
| ૨. | આજ મહારાજ પ્રગટ છે. | ૫૭૩-૫૭૪ |
| ૩. | રઢુમાં અક્ષરપુરુષદાસ સ્વામીએ કરેલા ધર્માદાના ખરડા કરતાં સ્વામીશ્રીએ ખરડાની વાત કરતાં વિષમ સંજોગોમાં પણ અગાઉની રકમ કરતાં દસ ઘણી વધારે રકમ લખાવાઈ. | ૫૮૦ |
| ૪. | રાધારમણપ્રસાદને સમાધિ. | ૫૮૬-૫૮૮ |
| ૫. | ત્રણ દિવ્ય સ્વરૂપો. | ૫૮૮-૫૯૧ |
| ૬. | આપની ઈચ્છા આગળ જ્યોતિષનો મેળ નથી. - પુરુષોત્તમ ભટ્ટ - શાસ્ત્રીજી મહારાજ | ૬૦૩ |
| ૭. | 'દોષનો વિચાર પડતો મૂકો અને મહારાજની મૂર્તિ પકડો.' - ધ્યાનમાં બેઠેલા છગનભાઈને | ૬૦૭ |
| ૮. | હરિભાઈ અમીનની ફસાયેલી મોટર સોમા ભગતને મોકલીને કઢાવી - હરિભાઈને દેરીની ખરીદીની સાચી રકમ જણાવી | ૬૦૮-૬૦૯ |

**નોંધ : આ પધ્ધતિ પ્રમાણે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં ઉપર આપેલા પ્રસંગો જ માન્ય ગણાય પણ આ પધ્ધતિ પ્રમાણે પ્રથમ વખત જ પ્રશ્ન પૂછાતો હોવાથી પરીક્ષાર્થીએ નીચે આપેલા પ્રસંગોમાંથી પણ કોઈ પ્રસંગો લખ્યા હોય તો તેને માન્ય રાખી પૂરા ગુણ આપવા.**

| | | |
|---|---|---|
| ૧. | વડોદરામાં વચનામૃતની કથા. | ૨૨૪ |
| ૨. | સ્વામીશ્રી પાછળનું સંઘબળ. | ૨૨૮ |
| ૩. | વરતાલમાં વઢવાણની પ્રવૃત્તિ. | ૨૨૯ |
| ૪. | શાસ્ત્રી પાસે તો કામણ છે. | ૨૩૫ |
| ૫. | ઐશ્વર્ય પ્રતાપ દેખાય તે શ્રીજીનું કર્તવ્ય છે. - શાસ્ત્રીજી મહારાજને. | ૨૩૭ |
| ૬. | વઢવાણ વિરુદ્ધ મૂળીમાં સભા. | ૨૩૯ |
| ૭. | વઢવાણમાં મૂર્તિ પ્રતિષ્ઠા, શ્રીજીએ જ કર્યું છે. - શાસ્ત્રીજી મહારાજ - કોઠારી ગોરધનભાઈને | ૨૪૬ |
| ૮. | પઢરીમાં શ્રીપતિપ્રસાદે લીધેલો પક્ષ. | ૨૪૮ |
| ૯. | ગિરધરભાઈ તથા વિઠ્ઠલભાઈને પ્રગટનો નિશ્ચય. | ૨૫૦ |
| ૧૦. | બોચાસણ મંદિરની આગાહી. | ૨૫૧ |
| ૧૧. | તમારું દુ:ખ અમારી ગાદી તળે. - શાસ્ત્રીજી મહારાજ - આશાભાઈને | ૨૫૭-૨૫૮ |
| ૧૨. | સ્વામીશ્રીએ માયા છેડી. | ૨૫૮-૨૫૯ |
| ૧૩. | ચાણસદનો પ્રયોગ સોખડામાં પૂરો થયો. | ૨૬૬-૨૬૭ |
| ૧૪. | બ્રહ્માંડ ભરાય તેટલું પાણી આકાશમાં ભર્યું છે. - શાસ્ત્રીજી મહારાજ - લલ્લુભાઈને | ૨૬૮ |
| ૧૫. | શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી જેવો ધન સ્ત્રીનો ત્યાગી હજુ સુધી દીઠો નથી. - કોઠારી ગોરર્ધનભાઈ | ૨૭૦ |
| ૧૬. | ફળ આપનાર મહારાજ તો આ સાધુ દ્વારા પ્રગટ છે. - શાસ્ત્રીજી મહારાજ - ગોવિંદ સ્વામીને | ૨૯૫ |
| ૧૭. | ભીખાભાઈના કપાળમાં ત્રિપુંડને બદલે ઉર્ધ્વપુંડ તિલક. | ૩૦૩ |
| ૧૮. | ઈન્દ્રને ના પાડીશું. - શાસ્ત્રીજી મહારાજ - ગિરધરભાઈ અને ઝવેરભાઈને. | ૩૦૫ |
| ૧૯. | સ્વામીશ્રી સિંહને નાથે છે. | ૩૦૮ |
| ૨૦. | આખા બ્રહ્માંડની લક્ષ્મી અહીં આવશે. - શાસ્ત્રીજી મહારાજ - ગિરધરભાઈ અને ઝવેરભાઈને. | ૩૨૦ |

| | | |
|---|---|---|
| ૨૧. | બાવો વગર કિંમતે વાડી આપશે. - શાસ્ત્રીજી મહારાજ - ગિરધરભાઈ અને ઝવેરભાઈને | ૩૨૭ |
| ૨૨. | મોતીભાઈને દિવ્ય દર્શન. | ૩૩૨ |
| ૨૩. | શેષનાગને માથે ખીલી. | ૩૩૩ |
| ૨૪. | હરિકૃષ્ણદાસને દિવ્ય દર્શન. | ૩૪૪ |
| ૨૫. | ગુરુરૂપ હરિનું સેવન - અંબારામ ભગતની નિરાવરણ સ્થિતિ. | ૩૪૫-૩૪૬ |
| ૨૬. | સંકલ્પી ભગત - હરિકૃષ્ણદાસનો સંકલ્પ. | ૩૪૭ |
| ૨૭. | સારંગપુરમાં સુવર્ણ અને રત્નજડિત મંદિર. | ૪૦૦ |
| ૨૮. | બાપુ ધામમાં જાય જ નહિ. - શાસ્ત્રીજી મહારાજ - કાળુભા બાપુને | ૪૦૮ |
| ૨૯. | તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે. - દોલાભાઈ - શાસ્ત્રીજી મહારાજને | ૪૧૭ |
| ૩૦. | શીરો તો ઘણો છે તે આઠ દિવસ સુધી નહિ ખૂટે. - શાસ્ત્રીજી મહારાજ - હરિભક્તોને | ૪૩૨ |
| ૩૧. | કાળને બે દિવસ પાછો ઠેલ્યો. - શાસ્ત્રીજી મહારાજ - ઝવેરભાઈને | ૪૬૩ |
| ૩૨. | બ્રહ્માંડમાં આ સાધુની શક્તિથી બધું એમનું એમ ચાલે છે. (૭૦ મણના વજનનું લાકડું માધા પટેલે ખસેડ્યું.) | ૫૦૪ |
| ૩૩. | અડસઠ તીરથ મારા સંતને ચરણે. | ૫૦૭-૫૦૮ |
| ૩૪. | વરતાલ શતવાર્ષિક પાટોત્સવમાં સૌને દર્શન. | ૫૨૬ |
| ૩૫. | સંજાયામાં ૨૦૦ની રસોઈમાં ૨૦૦૦ જમાડ્યા. | ૫૨૮ |
| ૩૬. | હરજી ભગતનો અંતિમ ઉપદેશ. | ૫૩૧ |

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) (કુલ ગુણ ૧૨)**

**નોંધ :૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

**૧. બ્રહ્માંડ તૂટી પડે તોપણ પથ્થર નહીં પડે. (૪૪૬-૪૪૮)**

**પ્રસંગ :** સારંગપુરમાં વચલા મંદિરના તરઘટનો ૧૫૦ મણનો પથ્થર જાડા રાંઢવાના (દોરડાંના) સાત બંધથી બાંધેલો ઉપર ચઢતો હતો - એક પછી એક છ બંધ તૂટ્યાં - સ્વામીશ્રીએ લટકતા પથ્થર બાજુ એક હાથ ઊંચો કર્યો - મહાકાય સોમા ભગતને રાંઢવા બાંધી દેવાની આજ્ઞા - સોમા ભગતે ત્વરિત આજ્ઞાનું કરેલું પાલન - વહીવટદાર સ્વામીશ્રીનો અદ્‌ભૂત પ્રતાપ નિહાળી નમી પડ્યા. **મનન :** ભગવાન અને સંત આવા પ્રસંગો ઉપસ્થિત કરીને પોતાના આશ્રિતોની નિષ્ઠાનું માપ કાઢી લેતા હોય છે. ભગવાન કે સંતની દરેક આજ્ઞા પોતાની સ્થિતિને કસોટીએ ચડાવવા માટે જ છે. એમ માનીને જે ભક્ત આજ્ઞામાં ટૂક ટૂક થઈ જાય છે તે આત્મસત્તારૂપ થવાના માર્ગ ઉપર જ છે.

**૨. મહારાજ અને સ્વામી માટે મૂંડાવ્યું છે. (૪૨૫-૪૨૬)**

**પ્રસંગ :** સારંગપુરમાં લીમડી ઠાકોર સાહેબ, કાકા સાહેબ અને દીવાન સાહેબ પધાર્યા હતા. તેઓનો ઉતારો જૂના મંદિરમાં હતો. તેથી દ્વેષીઓએ તેમના કાનમાં ઝેર રેડ્યું હતું કે 'શાસ્ત્રીજી મહારાજ તો તેમના ગુરુ જાગા - પ્રાગાની મૂર્તિઓ પધરાવવાના છે. તેથી જ્યારે ઠાકોર સાહેબ મંદિરમાં આવ્યા ત્યારે પ્રશ્ન કર્યો કે 'જૂના મંદિરમાં ગોપાળાનંદ સ્વામીની ચમત્કારી લાકડી છે. એવી કઈ ચમત્કારી વસ્તુ તમારી પાસે છે ?' ત્યારે બોટાદના નગરશેઠ હિંમતલાલભાઈએ કહ્યું : 'આ સાધુ તો નવી લાકડી કરે એવા સમર્થ છે. મહારાજની ઉપાસના પ્રવર્તાવવા સારું જ તેઓ મંદિર કરે છે.' ત્યારે કાકા સાહેબે કહ્યું : 'અમે આપને આ મંદિર માટે જમીન આપી છે, અમે સાંભળ્યું છે કે આપ જાગા-પ્રાગાની મૂર્તિઓ બેસારવાના છો. આપણે તો શ્રીકૃષ્ણ અને રાધાજીની મૂર્તિઓ બેસારવાની વાત થઈ હતી, તો આપ કઈ મૂર્તિઓ પધરાવવાના છો ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'જાગા ભક્ત કે પ્રાગજી ભક્તની મૂર્તિઓ પધરાવવાનો અમને સ્વપ્નમાં પણ સંકલ્પ નથી. વળી રાધાકૃષ્ણની મૂર્તિઓ પ્રથમ દેરામાં જ પધરાવવાની છે.' ત્યારે ઠાકોર સાહેબે કહ્યું : 'મધ્ય મંદિરમાં કેમ નહિ? આપણે તો તેમની ઉપાસના, એટલે તેમની મૂર્તિઓ મધ્ય મંદિરમાં બેસવી જોઈએ.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'આ દેહે જે કષ્ટ સહન કર્યાં છે તે મહાપ્રભુ શ્રીસહજાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી સારુ સહ્યાં છે, અને આ મૂડાવ્યું છે તે પણ અક્ષરપુરુષોત્તમ સારુ જ મૂંડાવ્યું છે. માટે તેમની મૂર્તિઓ જ મધ્ય મંદિરમાં બેસશે.' સ્વામીશ્રીના સત્તાવાહી વચનો સાંભળતાં ઠાકોર સાહેબે સ્વામીશ્રીને કહ્યું : 'આપને યોગ્ય લાગે તેમ કરો અને અમારા બોલ્યા સામું જોશો નહિ.' તત્ક્ષણ સ્વામીશ્રીએ સૌમ્ય સ્વરૂપ ધારણ કરી લીધું. **મનન :** ઉપાસનાની

૭૦૨

વાતમાં સ્વામીશ્રી કોઈની પણ શેહશરમમાં આવતાં નહિ. પોતે જે સત્ય શોધ્યું હતું. તેને જ વળગી રહેતા.

૩. **ભાવનગરમાં ઝોળી પ્રકરણ (૫૧૭-૫૧૮)**

**પ્રસંગ :** કર્મકાંડી બ્રાહ્મણોની નગરી ભાવનગરમાં ઘણા મુમુક્ષુઓ હોવાથી સ્વામીશ્રીએ એક વખત કુબેરભાઈને કહ્યું : 'આજે અમારે ગામમાં ઝોળી માગવા જવું છે.' કુબેરભાઈએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : 'દયાળુ! અહીં મારું ઘર અને બીજા સત્સંગીઓના ઘર છે. છતાં આપ ગામમાં ઝોળી માગવા જાઓ તે અમને કેટલું શરમભર્યું લાગે ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'તમારી સેવા તો અપાર છે, પરંતુ શ્રીજીમહારાજે જાતે ઝોળી માગી હતી અને પરમહંસો પાસે પણ ઝોળી મંગાવી હતી. તેથી મુમુક્ષુ જીવોને દર્શન થાય અને તેમનું કલ્યાણ થાય એ જ હેતુ મહારાજનો હતો. આપણે પણ મહારાજની આજ્ઞાનુસાર ઝોળી માગવા જવું છે.' કુબેરભાઈ સમજતા હતા કે નિશ્ચયાત્મક દૃઢતાના ધારક સ્વામીશ્રી નિશ્ચય કરે તે કોઈથી ફેરવી શકાય તેમ ન હતું. ભાવનગરની શેરીઓમાં 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ'ની આહ્‌લેક ગુંજવા લાગી. સ્વામીશ્રી, જ્ઞાનજી સ્વામી, વિજ્ઞાનદાસજી તથા કુબેરભાઈ જેવા પ્રતિષ્ઠિત ગૃહસ્થ ઝોળી માગવા નીકળ્યા. ગામમાં વાત પ્રસરી ગઈને આ દૃશ્ય જોવા ગામ ઊમટ્યું. શ્રીજીમહારાજની જેમ જ સ્વામીશ્રીએ આ દિવ્ય પ્રકરણ ત્રણ દિવસ સુધી ચલાવ્યું. અંતકાળે આ પ્રસંગનું જેને સ્મરણ થઈ આવે તેને આત્યંતિક કલ્યાણમાં કાંઈ બાકી ન રહે. **મનન :** સ્વામીશ્રીનું જીવન શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર જ રહેતું હતું. વળી મુમુક્ષુઓના કલ્યાણની ભાવના પણ તેમાં સમાયેલી રહેતી. વચનામૃત ગ.પ્ર. ૩માં પણ મહારાજે કહ્યું છે 'અંતકાળે સાધુ, બ્રહ્મચારી, સત્સંગી સાંભરી આવે તો તેને યોગે કરીને અમારી મૂર્તિ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. માટે શાસ્ત્રીજી મહારાજે આ લીલા કરી. જેથી મુમુક્ષુનું કલ્યાણ થાય.

૪. **તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે. (૪૧૭)**

**પ્રસંગ :** શુદ્ધ ઉપાસનાની સ્વામીશ્રીની એકધારી વાતો સાંભળી દોલાભાઈએ પણ પોતાના અંતરમાં શુદ્ધ ઉપાસનાની સવળી સમજણ દૃઢ કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'સ્વામી ! આ તો જે કાર્ય કરવા મહારાજને અવતાર ધરી ફરી આવવું પડે, તે કાર્ય આપે કર્યું છે. આપની મહત્તા અપાર છે. એટલે આજે તો આપે મહારાજ અને સ્વામીની ધાતુની મૂર્તિઓ પધરાવી છે, પણ ભવિષ્યમાં તમારા શિષ્યો તમારી સુવર્ણની મૂર્તિ પધરાવશે એટલી તમારી મોટપ વધી જશે.' દોલાભાઈના શબ્દોથી સ્વામીશ્રીનાં કાર્યની મહત્તા અને મહિમા તેમના અંતરમાં કેટલો સમજાયો છે, તે સૌને જણાયું. સ્વામીશ્રીને પણ સંતોષ થયો કે આવા શુદ્ધ મુમુક્ષુને સિદ્ધાંતની સાચી વાત અંતરમાં ઊતરી ગઈ. **મનન :** મહારાજે અમદાવાદમાં સૌ પ્રથમ મંદિર કરી નરનારાયણ દેવને આપેલા વચન પ્રમાણે ભરતખંડમાં તેમની મૂર્તિનું સ્થાપન કર્યું. ત્યારે આનંદાનંદ સ્વામીને મહારાજે કહ્યું : 'નરનારાયણ પધરાવતાં જ સૌ કારણને ભૂલી ગયા, કાર્યમાં જોડાઈ ગયા.' ત્યારે મૂંઝાયેલા સ્વામીને મહારાજે કહ્યું : 'મૂંઝાશો નહીં. આત્યંતિક કલ્યાણ માટે અમારા સ્વયં સ્વરૂપનો પ્રતાપ પ્રવર્તશે ને સારા વિશ્વમાં દિગ્વિજય થઈ જશે.' શાસ્ત્રીજી મહારાજના કાર્ય અને વાતોથી દોલાભાઈને આ વાતની પ્રતિતી થઈ.

૫. **મારો જન્મ મંદિર કરવા સારું જ છે. (૪૭૬-૪૭૭)**

**પ્રસંગ :** સારંગપુરમાં સ્વામીશ્રીને મંદવાડ - મહુવાથી શેઠ નરસિંહલાલ તેમની પાસે રહેલી લક્ષ્મીનારાયણની મૂર્તિઓમાં પ્રાણ પૂરી જીવંત કરી શકે તેવા પુરુષની શોધ કરતાં સારંગપુર આવ્યા - સ્વામીની માંદગી જોઈ તેઓ બોલી ન શક્યા ત્યારે સ્વામીએ કહ્યું : મંદિર કરવા તેડવા આવ્યા છો ? ચાલો આવું. મારો જન્મ મંદિર કરવા સારુ જ છે. એક-બે દિવસમાં સ્વામીશ્રી સારા થઈને મહુવા ગયા. - મહુવામાં ઉપાસનાની પુષ્ટિમાં મંદિરો કેટલાં સહાયભૂત બને છે. તેનો મહિમા કહેતાં ત્રણ શિખરનું મોટું મંદિર થશે. તેવી ભવિષ્યવાણી ઉચ્ચારી - એક બ્રાહ્મણે નાનું મંદિર બનાવવાની વાત કરી - તમારો બ્રાહ્મણનો જીવ ટૂંકો એટલે તમને નાના મંદિરના જ વિચાર આવે પણ અમારે તો મોટું મંદિર કરવું છે.- વચનામૃતના આધારે સર્વોપરી નિષ્ઠાની અને ઉપાસનાની વાતો કરી. **મનન :** સ્વામીશ્રીએ પોતાના જીવન દરમિયાન શ્રીજીમહારાજના સંકલ્પ પ્રમાણે મંદિરો કર્યા. જાણે કે મંદિરો માટે જ તેમનું પ્રાગટ્ય ન હોય ! મંદિરો હશે તો ઉપાસના જળવાઈ રહેશે તે પોતે સ્પષ્ટ સમજતાં અને સમજાવવાનો પ્રયત્ન કરતા.

**પ્ર.૧૦નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

> **નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **નિર્ગુણદાસ સ્વામી ('વઢવાણમાં સાધુઓની દીક્ષા'થી 'અમદાવાદમાં ઉપાધિ' સુધીના જ પ્રસંગો)**

૧. વઢવાણમાં વસંતપંચમીના સમૈયામાં કુંજવિહારીપ્રસાદજી મહારાજે દીક્ષા આપી સ્વામી નિર્ગુણદાસજી નામ પાડ્યું ૨૯૦ ૭૦૨

૨. બોચાસણ મંદિરના પાયા ખોદવાની સેવા કરી ૩૧૯

૩. બોચાસણમાં સ્વામીની વાતોના પારાયણમાં શ્રીજીમહારાજના સર્વોપરીપણાના, સ્વામીશ્રીના મૂળ અક્ષરસ્વરૂપના અને બ્રહ્મરૂપ થવાના અનેક પ્રસંગોના ઉત્તર વચનામૃતના આધારે આપતા ૩૩૬

૪. દરેક કાર્યને બુદ્ધિતત્ત્વની તુલનામાં મૂકી નિહાળવાની સૂક્ષ્મ ટેવ - જ્ઞાનચર્ચા અને જ્ઞાનપ્રચારની લગની - 'વર્તમાનકાળે સ્વામીશ્રીજીનું પ્રત્યક્ષ સ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ છે.' એવી સ્વરૂપનિષ્ઠાની વેગવંતી વાતો વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવતના આધારે - પ્રિય કીર્તન પંક્તિ- 'રે રંગ સહિત હરિને રટીએ ....' સ્વામીશ્રીની એક જ ટકોરે દીક્ષા લીધી - દેહનો સખત ભીડો વેઠતા. ૩૬૦-૩૬૧

૫. શ્રીજીમહારાજના હૃદયગત આભિપ્રાય પ્રમાણે આજ્ઞામાં ફેર ન પડે તેવી ત્યાગ-વૈરાગ્યને પોષણ મળે એવી જ વાતો કરતાં. ૩૮૦

**વ્યક્તિત્વ :** સ્વામીશ્રીના જમણા હાથ સમા - દરેક કાર્યમાં સૂક્ષ્મ દૃષ્ટિ - સ્વરૂપનિષ્ઠા પ્રવર્તતાવવાની ધગશ - શાસ્ત્રોના આધારે સ્વરૂપનિષ્ઠાનું પ્રવર્તન - સ્વાશ્રીના વચને મરી મિટવાની તૈયારી.

**૨. ઈશ્વરભાઈ :**

૧. સાધી ગામના રામાનંદી મંદિરનો વહીવટ અને સેવા સારી રીતે કરતા.- આશાભાઈને સ્વપ્નમાં રણછોડરાયના દર્શન - 'કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો.' - તેથી બંને ભાઈઓએ ધર્મનંદનદાસ પાસે વર્તમાન ધરાવ્યા ૨૩૫

૨. સારંગપુર મંદિરના પાયાનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીએ ઈશ્વરભાઈના હાથે કરાવ્યું. - આશાભાઈ તથા ઈશ્વરભાઈ રસોઈ માટે વાસણો લાવવાના પૈસાની સેવા કરતા. ૩૭૪

૩. મંદિરવાળાના વિરોધને કારણે શાસ્ત્રીજી મહારાજ સાધીમાં બહુ આવી ન શકતા હોવાથી સ્વામીશ્રીની આજ્ઞા મુજબ જેસિંગપુરામાં જમીન રાખી સાધી છોડી દીધું. ૩૯૭-૩૯૮

૪. સયાજીપરાના સમૈયાની સંપૂર્ણ તૈયારી ઈશ્વરભાઈએ કરી. - ૫૦ હરિભક્તોથી શરૂઆત કરી હજારે અટક્યું - મારવાડી મિત્રે દોઢ લાખ રૂપિયાનો ગાલીચો પ્રસાદીનો કરાવવા લાવ્યા ૪૧૯-૪૨૩

૫. સ્વામીશ્રીની આજ્ઞાથી વડોદરાથી મૂર્તિઓ ચઢાવીને સારંગપુર મોકલી આપી ૪૩૦

૬. કોયલીના ભવ્ય પ્રસંગે હાથી ઉપર બિરાજેલા સ્વામીશ્રીને ચમ્મર ઢોળતાં બાજુમાં શોભી રહ્યા હતાં. ૪૪૫

૭. ઝવેરભાઈના કાળને સ્વામીશ્રીએ બે દિવસ પાછો ઠેલ્યો તે પ્રસંગના સાક્ષી સ્વામીશ્રીએ તેમને બનાવ્યા. ૪૬૩-૪૬૪

૮. શ્રીજીસ્વરૂપદાસને કાશીથી પાછા લાવવા માટે નિર્ગુણદાસ સ્વામી સાથે કાશી જવા સ્વામીશ્રીએ કરેલી આજ્ઞા- માંદા પડેલા શ્રીજીસ્વરૂપદાસની કરેલી ચાકરી - પાછા ગુજરાત આવવા શ્રીજીસ્વરૂપદાસને મનાવી લીધા. ૫૧૩-૫૧૪

૯. પુરુષોત્તમપુરામાં આશાભાઈ અને ઈશ્વરભાઈના મકાનમાં આગ - તમામ પાક તથા બંગલો ભસ્મીભૂત છતાં સારંગપુરની મૂર્તિપ્રતિષ્ઠા માટે સ્વામીશ્રીની ઈચ્છા મુજબ રકમ આપી. ૫૮૧-૫૮૪

૧૦. નવાગામમાં સ્વામીશ્રી સાથેની ગાંધીજીની મુલાકાત વખતે પણ તેઓ સ્વામીશ્રી સાથે હતા. ૬૦૨

૧૧. સંસારની તીવ્ર વાસનાવાળા મગનભાઈને સ્વામીશ્રીનું અખંડ પ્રગટપણું અને આપણી સાથે જ હોવાનો તથા વાસના છોડવા માટે આપેલો ઉપદેશ ૬૪૬

**વ્યક્તિત્વ :** સેવાની ભાવનાવાળા - આજ્ઞાપાલનમાં તત્પરતાવાળા - સ્વામીશ્રીના વચનમાં સંશયરહિત - બીજાને પણ સ્વામીશ્રીનું પ્રગટપણું સમજાવતાં - સંસ્થાના મહત્વના તમામ પ્રસંગોએ કરેલી સેવા. સ્વામીશ્રી પ્રત્યે ભાવ અને નિષ્ઠા - વિપરીત સંજોગોમાં પણ લેશમાત્ર ચલાયમાન ન થનાર સ્વામીશ્રીની કસોટીમાંથી સારધાર પાર ઉતરનાર.

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો' નવી આવૃત્તિના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ફૂલવાદીને ઠેકાણે કોણ છે ? (૫/૯૭) જ. રામચંદ્ર અને શ્રીકૃષ્ણ ફૂલવાદીને ઠેકાણે છે.

૭૦૨

૨. સત્સંગી કા કૈસા કલ્યાણ હોતા હૈ ? (૧૦/૧૦૦)
જ. 'જેસા કલ્યાણ મોટા મોટા અવતાર કા હોતા હૈ તેસા કલ્યાણ સત્સંગી કા હોતા હૈ !'
૩. હૃદયમાં ટાઢું કેમ થાય ? (૨૦/૧૦૭-૧૦૮)
જ. 'ટાઢું તો, તો થાય જે, જેમ ભગવાન સામું જોઈ રહીએ છીએ તેમ જ્યારે મોટા સાધુ સામું જોઈ રહેશું ત્યારે હૃદયમાં ટાઢું થાશે.'
૪. પુરુષોત્તમ પધરાવવા શું થવું પડે ? (૧૩/૧૦૩)
જ. પુરુષોત્તમ પધરાવવા બ્રહ્મરૂપ થવું પડે.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

૧. ખરેખરા સત્સંગી કોણ અને કેવી રીતે થવાય ? (૯/૯૯-૧૦૦)
જ. ખરેખરા સત્સંગી તો ગોરધનભાઈ તથા પર્વતભાઈ છે. એવા સત્સંગી તો, તો થવાય જો માયિકભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો, તો એવા સત્સંગી થાઓ.
૨. મૂઢમતિ જીવ શું જાણે છે ? (૨૯/૧૧૨)
જ. એવા જે મૂર્ખ છે ને મૂઢમતિ જીવ છે તે મનુષ્ય જેવા જાણે છે, પણ અનંત કોટિ જીવોને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં લઈ જાય એવા છે, એમ તેને જાણતા નથી, એ અજ્ઞાન છે.
૩. કઠિયારો અને બાવના ચંદનના દૃષ્ટાંત દ્વારા ગુણાતીતાનંદ સ્વામીએ શો ઉપદેશ આપ્યો ? (૩૦/૧૧૨-૧૧૩)
જ. હેમગોપાળને ઠેકાણે તો આ ભરતખંડ છે ને બાવના ચંદનને ઠેકાણે તો મનુષ્યદેહ છે. તે ખબર વિનાનું સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, લોક, ભોગ ને દેહ તેને વિષે બાળી દે છે, તેમ આપણે બાળવું નહિ. આપણે તો અર્થં સાધયામિ વા દેહં પાતયામિ ।

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

| |
|---|
| **નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.** |

**૧. લીંબું અને તીરનું દૃષ્ટાંત (૭/૯૮-૯૯)**

**દૃષ્ટાંત :** 'જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનો કરીએ ને તીરમાં જેમ લીંબુ દેખાય, તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે એટલે તે વૃત્તિ જેમની કરીએ તેમની કોરે ભગવાન દેખાય છે.'

**સિદ્ધાંત :** આપણે પણ સ્વરૂપાનંદ સ્વામીની જેમ મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી દેવી જોઈએ. 'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરેલી આપની..' 'હું ને મારો ઠાકર, ઠાકર બેઠા પારણે હું દોરી તાણું અને જગત આખું કાણું.' જેમ મહારાજમાં વૃત્તિ જોડવી જોઈએ.

**૨. રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો (૧૬/૧૦૪-૧૦૫)**

**દૃષ્ટાંત :** સ્વામિનારાયણે આ પૃથ્વીને વિષે આવીને પાંચ પગ રોપ્યા છે તેને ખોટા કરીને જીવનું રૂડુ થાય, એમ કહી દેખાડો અને તે પાંચ પગ તે શું ? તો નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન એ જે પાંચ પગ રોપ્યા છે તેને ફેરવવાને કોઈ સમર્થ નથી. જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો તે કોઈથી ઊપડ્યો નહિ, તેમ અમે પણ પગ રોપ્યા છે તે કોઈથી ખોટા નહિ થાય. **સિદ્ધાંતઃ** રાવણની સભા મહાવીરોથી ભરેલી હોવા છતાં અંગદે મૂકેલો પગ કોઈથી ઉપડ્યો નહિ. તેમ મહારાજે જીવનું રૂડું કરવા માટે પંચવર્તમાન આપ્યા છે. તે કોઈ એમ જાણે જે આ પગ રૂપી પંચવર્તમાન લોપીને પણ અમારા જીવનું રૂડું થશે, તો મહારાજ ના પાડે છે. ગમે તેવો જ્ઞાની, ધ્યાની, ભકિતવાળો, ધર્મવાળો હોય તો પણ તેણે આ પંચવર્તમાન તો પાળવા જ પડે.

**૩. સ્વપ્નમાં ઘોડાનો પગ ભાંગ્યો. (૧૯/૧૦૭)**

**દૃષ્ટાંત :** એક ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગ્યો. તે જ્યારે જાગ્યો ત્યારે તોળીને ઊભો, પણ પગ માંડે નહિ. વૈદરાજે કહ્યું : 'આ ઘોડાનો પગ ભાંગ્યો નથી ને કાંઈ માંદો થયો નથી, એને તો સ્વપ્ન થયું છે તે પગ તોળીને ઊભો છે. ત્યારે પૂછ્યું જે, એનું કેમ કરવું ? ત્યારે એણે કહ્યું જે, 'બસેં ઘોડાં સાબદાં કરો ને તોપુંના ને બંધૂકુંના ભડાકા કરવા માંડો, એટલે ચમકશે ત્યારે સ્વપ્ન થયું છે તે મૂકી દેશે.' તેમ એને શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે તે આમ ને આમ નિરંતર ધડાકા ને પડકારા કરશું તો મૂકી દેશે. **સિદ્ધાંતઃ** મહારાજનાં ચરિત્ર દીઠાં હોય,

સાંભળ્યા હોય છતાં તેનું પ્રમાણ શાસ્ત્રમાં શોધવા જઈએ. શાસ્ત્રના શબ્દોની ભ્રાંતિ પડી હોય એટલે વાસ્તવિકતા સ્વીકારાય નહિ. તે સતત સાચા સંત તે વાતોના પડકારા કરે ત્યારે મનાય.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણના અને ૧ ગુણ સમજૂતિના આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે પ્રમાણ આવતાં હોય ત્યાં કોઈ પણ એક પ્રમાણ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

**૧. અમેરિકા કેવું લાગ્યું ? એ પ્રશ્નના જવાબમાં પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા કે માથા ભર પાયખાનામાં પડ્યા હોય એવું છે.**

**પ્રમાણ :** (૧) મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃત્તિપુરુષ સુધી ઢૂંસા જ છે, પણ કાંઈ માલ જણાતો નથી. તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતું મૂકીને શી કમાણી કરી ? (૨૨/૧૦૮-૧૦૯) (૨) મહારાજની મૂર્તિ વિના અને આવા સાધુ વિના પ્રકૃત્તિપુરુષ સુધી રાખનાં પડીકાં જ છે, તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ ને ગમે તો ઈશ્વરકોટિના લોકમાં જાઓ ને ગમે તો પુરુષકોટિના લોકમાં જાઓ, પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંઈ નથી. અથવા (૨૮/૧૧૧) (૩) સુરપુર નરપુર નાગપુર એ તીનમેં સુખ નાંહિ ; કાં સુખ હરિકે ચરણમેં કાં સંતનકે માંહિ. (૨૮/૧૧૧)
**સમજૂતિ :** ભગવાન અને ભગવાનના સંતના સાનિધ્ય જેવું સુખ ક્યાંય નથી. તે સુખનું વર્ણન ન થઈ શકે તેવું છે. શાંતિ તો એક નારાયણના ચરણારવિંદમાં જ છે માટે શાશ્વત શાંતિ મેળવવા માટે ભગવાન અને ભગવાનના સંતના શરણમાં જવું જોઈએ.

**૨. દેહાભિમાની મછિયાવના ફૈબા ઉપર શ્રીજીમહારાજની દૃષ્ટિ ન રહી. (૨૫/૧૧૦)**

**પ્રમાણ :** દેહાભિમાની માથે દૃષ્ટિ થાતી નથી. ને તે વિના કાંઈ દૃષ્ટિ જેવું જણાય છે તે અંતે નહિ જ રહે, એમાં કાંઈ સંશય નથી. **સમજૂતિ :** ભગવાન ભજવામાં અને ભગવાનની રુચિમાં રહેવા માટે સૌથી પહેલા દેહ જ આડો આવે છે. આ દેહાભિમાને કરી કલ્યાણના માર્ગમાંથી પડી જવાય છે.

**૩. મહિલાઓને પ્રમુખસ્વામી મહારાજનો પ્રત્યક્ષ યોગ નથી છતાં તેઓનો સત્સંગ સતત વધતો રહ્યો છે. (૩૧/૧૧૩, ૮/૯૯)**

**પ્રમાણ :** (૧) જે વૃત્તિ દ્વારે સેવે એવા તો ગોપાળાનંદ સ્વામી ને કૃપાનંદ સ્વામી જેવા છે. તેની પાંખમાં પડ્યા છીએ, માટે કાંઈ કસર રહેશે નહિ, એમ જાણવું. (૨) સ્વરૂપાનંદ સ્વામીના તો દર્શને કરીને કલ્યાણ થાય છે.
**સમજૂતિ :** પ્રમુખ સ્વામી મહારાજ ગોપાળાનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામી જેવા હોવાથી તેમની પાંખમાં પડવાથી પણ કોઈ કસર રહેતી નથી. માટે મહિલાઓને પ્રમુખસ્વામી મહારાજનો પ્રત્યક્ષ યોગ નથી છતાં તેઓનો સત્સંગ સતત વધતો રહ્યો છે.

**૪. લોખંડના ડબ્બામાં પારસમણિ મૂક્યો હોવા છતાં ચીનાઈ માટીના કાગળના આવરણને લીધે ડબ્બો સોનાનો થતો નથી. (૩૩/૧૧૪)**

**પ્રમાણ :** વિશ્વાસ તો હોય તોપણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ. **સમજૂતિ :** સત્પુરુષ આગળ કોઈપણ પ્રકારના આવરણ વગર નિષ્કપટ થઈએ તો આપણા સર્વે દોષ ટળી જાય છે. ભગવાનની પ્રાપ્તિ થાય છે. જો કાગળના આવરણ જેટલું પણ અંતરાય રાખીએ તો તે આવરણે કરીને જેમ લોખંડનો ડબ્બો સોનાનો થતો નથી. તેમ જીવ બ્રહ્મરૂપ થતો નથી.

❑ ❑ ❑